ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૨ ટકા

# શહેરમાં સોડા અને બરફવાળા ભારે હાલાકીમાં

## ઉનાળામાં સોડા, બરફગોળા, શેરડીનો રસ, શિકંજીનું વધુ વેચાણ થાય ત્યારે આ વર્ષે કોરોનાને લીધે આ ધંધા સાથે જોડાયેલ તમામ હાલ મુશ્કેલીમાં

ગાંધીનગર, તા.૧૭

નગરમાં ઉનાળાની રોનક તો જાણે આ કમોસમી વરસાદમાંજ વહી ગઈ. કોરોનાને કારણે થયેલ લોકડાઉનમાં શહેરીજનોને ઉનાળાની ઋતુનો અનુભવ ઘરમાંથી જ કરવો પડયો છે ત્યારે આ ઋતુને લીધે નગરમાં રોનક ઉભી કરતા સ્થળો સાથે અમુક ધંધા ભાંગી પડયા છે. જેમાં ખાસ બરફ ગોળા, સોડા, શેરડીનો રસ તથા બાળકોના રમકડાં વેચનાર તમામને આ સિઝનમાં ભારે ખોટ પડી છે. નગરમાં સરકારી નોકરી કે કોઈ પણ કારણોસર નગરમાં સ્થાયી થયેલા સૌરાષ્ટ્રના તમામ નગરજનોને સોડાની આદત હોય છે તેમાંય લખોટીવાળી સોડાના સૌ વધુ શોખીન છે ત્યારે નગરમાં ઈન્ફોસીટી પાસે સોડા તથા શરબતની લારી લઈ વર્ષોથી આ વેપાર કરતા અર્જુનભાઈ જણાવે છે કે વર્ષોથી હું લખોટીવાળી સોડા અને લીંબુ શરબતનું વેચાણ કરીને જ મારા ઘરનું ગુજરાન ચલાવુ છું. ઘરમાં મારી પત્ની અને પુત્ર અને તેની વહુ છે. પત્ની કામે જતી નથી અને પુત્રને હું ભણાવું છું. આમ તો દરેક સિઝનમાં દિવસ દીઠ ૧૦૦ જેટલી બોટલનું વેચાણ થતું હતું. પરંતુ હાલ આ કોરોનાને કારણે પુરી ઉનાળાની સીઝન તો જતી રહી પરંતુ હાલ હું ૩૦મી મેથી અહીં વેપાર કરવા આવુ છું. દિવસના દસેક જણા માંડ મારે ત્યાં સોડા પીવા આવે છે. લોકડાઉનના બે મહિના નાની-મોટી મજુરી કરી અને ઘર ચાલ્યું હવે સરકાર કહે તો છે કે વીજળી મફત આપીશું. પણ મારા છાપરાવાળા ઘરનું લાઈટબીલ પણ મેં હમણાં જ પૈસા ઉધાર લઈ ભર્યુ છે. હવે આ કામ સિવાય વધુ કાંઈ કરી શકું તેમ નથી. માતાજી કાંઈક રસ્તો કરે અને મારો પુત્ર વધુ ભણે એવી મારી આશા છે.

આમ, આ નગરમાં સોડા વેચનાર અર્જુનભાઈની વાત હતી પરંતુ આવા કેટલાય શેરડીના રસ, બરફગોળા, શિકિંજીવાળા નાના વેપારીઓની હાલત આમ જ કફોડી છે. જેમને મહેનત કરીને કમાવવું તો છે પણ તેમના પાસે ખરીદવા આવનાર જ કોઈ નથી....!!




# શહેરમાં રેસ્ટોરન્ટ ધારકો હવે સતર્કતા રાખે છે

ગાંધીનગર, તા.૭

સરકાર દ્વારા લોકડાઉન બાદ અમુક કડક નીતિ નિયમો બહાર પાડવામાં આવ્યા છે ત્યારે નગરના રેસ્ટોરન્ટ ધારકો માટે પણ સરકારની ગાઈડલાઈન મુજબ કામ કરવું જરુરી બન્યું છે. નગરના ઘણા રેસ્ટોરન્ટમાં અનલોક-૧ બાદ ટેક ઈન/ટેક અવે શરુ થઈ ગયું છે અને હાલ અમુક રેસ્ટોરન્ટમાં પણ પુરતી સેફટી સાથે ડાઈનીંગ પણ શરુ કરી દેવામાં આવ્યું છે. ત્યારે નગરમાં રીલાયન્સ ક્રોસ રોડ સ્થિત ટેરાકોટા રેસ્ટોરન્ટમાં સેફટી મેઝર સાથે તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે અને રેસ્ટોરન્ટ ધારક માનવ જૈન દ્વારા ઓનલાઈન સર્ફીંગ કરી પ્રેરણા મેળવીને ફુડ પેકેજીંગમાં એક અનોખી પધ્ધતિ અપનાવવામાં આવી છે. તેઓ જયારે ગ્રાહક દ્વારા ઓર્ડર બુક થાય ત્યારે ફુડ બનાવનાર શેફ, ફૂડ પેક કરનાર તથા ડિલિવરી કરનાર આ તમામનું બોડી ટેમ્પરેચર માપીને આ માહિતી ઓર્ડર ડિલીવરીની બેગ ઉપર બીલ સાથે અટેચ કરીને આપે છે જેને કારણે ગ્રાહકને મનમાં કોરોનાને કારણે કોઈ શંકા ન રહે.




# શહેરમાં રાત્રિના સમયે બંધ કરાતા કેટલાંક એન્ટ્રી પોઈન્ટથી નાગરિકોને માત્ર પરેશાની...!!

## અન્ય એન્ટ્રી પોઈન્ટ ખુલ્લા રખાતા હોવાથી જૂજ એન્ટ્રી પોઈન્ટ બંધ રાખવાનો કોઈ મતબલ નથી : રાત્રે ક-૫ સર્કલથી ધરમધક્કા ખાતા વાહનચાલકો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં કોરોના મહામારીના પગલે લૉકડાઉન ચાલી રહ્યું હતું ત્યારે લૉકડાઉનના અંતિમ ચરણમાં શહેરને સંપૂર્ણ શટડાઉન કરવામાં આવ્યું હતુ અને તેના ભાગરૂપે શહેરમાં પ્રવેશવાના તમામ માર્ગો પરના એન્ટ્રી પોઈન્ટ બંધ કરી દેવામાં આવ્યા હતા. આવુ કરવા પાછળનો ઉદ્દેશ શહેરમાં અમદાવાદ સહિત અન્ય જિલ્લાઓમાંથી સંક્રમિત વ્યકિતઓ જે ખાનગી રીતે સ્થળાંતર કરી પ્રવેશ મેળવવા ઈચ્છતી હતી તેને અટકાવવાનો હતો. જો કે હજુ કોરોનાનો કહેર ઓછો થયો નથી બલ્કે વધ્યો છે પરંતુ હવે લોકડાઉન પુરુ થઈ ગયું છે અને અનલોક-૧ લાગુ પડયું છે જેમાં શહેરના તમામ પ્રવેશદ્વારો ખુલ્લા કરી દેવાયાં છે છતાં રાત્રિના સમયે હજુ પણ કેટલાક એન્ટ્રી પોઈન્ટ બંધ કરી દેવામાં આવ્યા છે જેના કારણે આસપાસના વિસ્તારના નાગરિકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

શહેરમાં પ્રવેશવાના માર્ગો પરના એન્ટ્રી પોઈન્ટ પૈકી કેટલાંક એન્ટ્રી પોઈન્ટ રાત્રિના સમયે બંધ કરી દેવામાં આવે છે જેમ કે માર્ગ નં. ૫ પરના ઈલેકટ્રોનિકસ જીઆઈડીસીથી ક-૫ સર્કલે એન્ટ્રી પોઈન્ટ બ્લોક કરી દેવામાં આવે છે. આ કારણે રાત્રિના સમયે કોઈ અગત્યના કામે શહેરમાં પ્રવેશવા માંગતા ક-૫ સર્કલ નજીકના રહેણાંક વિસ્તારો જેવા કે ગોકુલપુરા, વાવોલ તથા જીઆઈડીસીના રહેવાસીઓને પરેશાની ભોગવવી પડે છે. રાત્રે અગત્યની જરૂરિયાતનું કાર્ય હોય તેવા જ નાગરિકો બહાર નીકળે છે એટલે એવા નાગરિકો ના છુટકે વાવોલ ગામમાં થઈને માર્ગ ન. ૩ પરનો રૂટ પકડી શહેરમાં પ્રવેશે છે. આમ શહેરમાં પ્રવેશ તો મળી જાય છે તેથી આ એન્ટ્રી પોઈન્ટ બંધ રાખવાનો કોઈ હેતુ સરતો નથી. માનો કે કોઈ અન્ય જિલ્લા કે તાલુકાની સંક્રમિત વ્યકિત પણ શહેરમાં પ્રવેશ મેળવવા ઈચ્છે તો તે પણ આ અન્ય વૈકલ્પિક રસ્તા પસંદ કરીને શહેરમાં આસાનીથી પ્રવેશ મેળવી શકે છે અને આમ પણ સમગ્ર દિવસ દરમિયાન તો તમામ માર્ગ ખુલ્લા હોય જ છે ત્યારે માત્ર રાત્રિના સમયે ક-૫ સર્કલ જેવા એન્ટ્રી પોઈન્ટ બંધ રાખવાનો કોઈ હેતુ સમજાતો નથી અને તે માત્ર અને માત્ર નાગરિકો માટે પરેશાનીરૂપ બની રહે છે. જેમ કે ગાંધીનગર શહેરમાં માર્ગ નં. ૫ની આસપાસ રહેતા નાગરિકને પોતાનું વાહન લઈને વાવોલ, ઉવારસદ કે જીઆઈડીસી તરફ જવું હોય તો માર્ગ નં. ૫ પસંદ કરે તે સ્વાભાવિક છે અને જયારે તે છેક ક-૫ પહોંચે ત્યારે તેને ખબર પડે કે રસ્તો બંધ કરેલો છે એટલે એ પરત આવી ક રોડ થઈને રોડ નં. ૩ પકડી ખ-૩ થી વાવોલમાં પ્રવેશી શકે છે. આ સ્થિતિમાં ક-૫નું એન્ટ્રી પોઈન્ટ બંધ રાખવાનો કોઈ ફાયદો રહેતો નથી. તેથી રાત્રિના સમયે આ પ્રકારે બંધ રખાતા એન્ટ્રી પોઈન્ટ ખુલ્લા કરાય અને જરૂર જણાય ત્યાં પોલીસ બંદોબસ્ત મુકી ચેકીંગ સાથે આવનજાવન કરવા દેવાય તે જરૂરી જણાઈ રહ્યું છે.

### કન્ટેનમેન્ટ વિસ્તાર નજીકના સેકટરના બંધ કરેલા મુખ્ય માર્ગો પણ પરેશાની રૂપ

શહેરમાં સે-૨૮ જીઆઈડીસીથી સેકટર-૨૮માં પ્રવેશવાનો મુખ્ય માર્ગ પણ કન્ટેનમેન્ટ વિસ્તારના કારણે બંધ કરાયો છે જેથી આ માર્ગે પ્રવેશ મેળવવા માંગતા વાહનચાલકો ના છુટકે ફરીને ઘ રોડ પર બાલોદ્યાન પાસેથી પ્રવેશ મેળવે છે તેથી બંધ કરવામાં આવેલ એન્ટ્રી પોઈન્ટ માત્ર વાહનચાલકો માટે પરેશાની રૂપ બનવાથી વધુ કોઈ રીતે ઉપયોગી બનતો નથી. જો માત્ર કન્ટૈનમેન્ટ વિસ્તારને જ કોર્ડન કરાય અને તે વિસ્તાર પુરતા એન્ટ્રી પોઈન્ટ બંધ રાખી મુખ્ય માર્ગો ખુલ્લા રખાય તો દિવસ દરમિયાન વાહનચાલક નાગરિકો પરેશાનીનો ભોગ ના બને.



# એપોલો હોસ્પિટલના ડાયરેક્ટર સાથે ૫ લાખની છેતરપિંડી

ગાંધીનગર, તા. ૧૭

એપોલો હોસ્પિટલના ડાયરેકટર સાથે રૂ.૫ લાખની છેતરપિંડીની ઘટના પ્રકાશમાં આવી છે. ડાયરેકટરના વિદેશમાં રહેતા મિત્રનું વોટ્સએપ હેક કરી હેકર્સે છેંતરપિંડી આચરી છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

મળતી માહીતી મુજબ અમદાવાદ ગુલબાઈ ટેકરા વિસ્તારમાં વસવાટ કરતા અભિજાત ચંદ્રકાંત શેઠની ફરીયાદ મુજબ ઘટના ગત તા.૯ જુનની છે. તે સમયે તેઓ એપોલો હોસ્પિટલ ખાતે ફરજ પર હાજર હતા. ત્યારે ૧૨ વાગ્યાના અરસામાં અમેરીકાના ન્યું જર્સી ખાતે રહેતા તેમના મિત્ર ડો.સુધીર.એમ.પરીખનો વોટ્સએપ મેસેજ આવ્યો હતો. જેમાં રૂપીયાની જરુર હોવાથી ગોલધર ગોરખપુર ખાતે આવેલી બેંક ઓફ ઈન્ડીયાના એકાઉન્ટમાં ૭ લાખ જમા કરાવવાનું કહ્યું હતું. મિત્રનો મેસેજ આવતા જ વિશ્વાસ રાખીને તેઓએ સુફીયાન અહેમદખાન નામના બેંક એકાઉન્ટમાં હોસ્પિટલના કરંટ એકાઉન્ટમાંથી રૂપીયા ટ્રાન્સફર કરી દીધા હતા. બે દિવસ પછી ૧૧ જુને ફરીયાદી પર તેમના મિત્ર ડો.સુધીર પરીખનો વોટ્સએપ મેસેજ આવ્યો હતો. જેમાં તેઓએ એકાઉન્ટ હેક થયું હોવાથી હેકર્સ દ્વારા બિનજરુરી માંગણી કરે તો ધ્યાન રાખવા માટે કહ્યું હતું. જેને અનુલક્ષીને પોતાના સાથે ઠગાઈ થઈ હોવાનો ખ્યાલ આવ્યો હતો. ઘટનાના ચાર દિવસ પછી તેઓએ આ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



પ્રિ-મોન્સુન એકિટવિટીના ભાગરૂપે શહેરમાં તાજેતરમાં જ વાવાઝોડું ફુંકાયું હતુ તથા વરસાદ વરસ્યો હતો. આ વાવાઝોડાના કારણે શહેરમાં ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. કયાંક કયાંક કેટલાક વૃક્ષોની ડાળીઓ નમી પડી હતી. જોખમરૂપ હોય તેવી ડાળીને કાપવાની કામગીરી વનવિભાગે શરુ કરી છે. ખાસ કરીને મુખ્ય માર્ગોની આસપાસ જોખમરૂપ હોય તેવી ડાળીઓને કાપવામાં આવી રહી છે.

# અડાલજમાં સફાઈ કામદારને જાતિ વિષયક શબ્દો બોલતા ફરીયાદ

અડાલજ સ્થિત મંદિરમાં સફાઈ કામદારને કામ કરતા અટકાવીને જાતિ વિષયક શબ્દો કહ્યા હતા. તે ઉપરાતં હવે પછી મંદિરમાં પગ મુકીશ તો તોડી નાંખીને જાનથી મારી નાંખવાની ધમકી આપવા મુદ્દે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

બનાવ અંગે મળતી માહિતી મુજબ અડાલજ આંબેડકર વાસ ખાતે રહેતા મહેશભાઈ મગનભાઈ ગોહેલ અડાલજ ગ્રામ પંચાયત ખાતે સફાઈ કામદાર તરીકે ફરજ બજાવે છે. ફરીયાદીના આક્ષેપ પ્રમાણે આ બનાવ ગત તા.૧૪ ફેબ્રુઆરીના રોજ બન્યો હતો. ગામના એક નાગરીકની દિકરીના લગ્ન હોવાથી તેઓએ ગામમાં આવેલા નીલકંઠ મહાદેવ મંદિરમાં સફાઈ કરવાનું કહ્યું હતું. જેથી તેમણે સવારે સાડા આઠ વાગ્યાના સુમારે ફરીયાદી અને તેમના પત્ની શીતલબેન મંદિરમાં ગયા હતા.ત્યારે પૂજારી લલિત ગોપાલકૃષ્ણ જોશી, નારણગીરી ગોસ્વામી તેમજ જીવીબેન ઉર્ફે જશીબેન નારણગીરી ગોસ્વામીએ તેમને મંદિરની અંદર સફાઈ કામ કરવા માટે રોક્યા હતા. તેઓએ હોહા કરી દંપતિને જાતિ વિષયક શબ્દો કહ્યા હતા.ફરીયાદીના કહેવા પ્રમાણે ત્રણેય નાગરીકોએ ભેગા મળીને મંદિરમાં પગ મુકતો નહી અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ બનાવ મુદ્દે કેટલાક ગ્રામજનો આગળ આવ્યા હતા અને સમાધાન માટે માફી માટે પ્રયત્નો કર્યા હતા. પરંતુ આ અંગે કોઈ અંત ન આવતા આખરે ઘટનાના ચાર મહિના પછી અડાલજ પોલીસે મથકે ગુનો નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

# નીતિ નિયમો સાથે આજથી જલારામ મંદિરના દ્વાર ખુલશે

ગાંધીનગર, તા.૧૭

નગર સ્થિત જલારામ મંદિરના દ્વાર આજે સવારથી ખુલશે. જલારામ સેવા સમાજના પ્રમુખના જણાવ્યા અનુસાર મંદિરના દર્શન સવારે ૮ થી ૧૧ કલાક તેમજ સાંજે ૪ થી ૬ કલાક સુધી જ થઈ શકશે. સવાર સાંજની આરતી દરમિયાન ધર્મપ્રેમી તેમજ શ્રધ્ધાળુ ભકતોને પ્રવેશ આપવામાં આવશે નહિ. મંદિર ખાતે ચાલતુ સદાવ્રત તેમજ દર ગુરુવારની ખીચડીનો પ્રસાદ વર્તમાન પરિસ્થિતિને કારણે હાલ પુરતો બંધ રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત કોઈ પણ જાતનો પ્રસાદ/ફુલહાર મંદિરમાં ધરાવવામાં આવશે નહિ. દર્શન કરવા આવતા તમામ ભાઈઓ/બહેનોએ તાજેતરમાં સરકાર દ્વારા રજૂ કરાયેલ ગાઈડલાઈન તથા સંસ્થા દ્વારા કરવામાં આવેલ વ્યવસ્થા મુજબ જ દર્શન કરી આ બાબતે પોતાનો સહયોગ આપવાનો રહેશે. વખતો વખત કરવામાં આવનાર ફેરફારની જાણ સરકારની માર્ગદર્શક સુચનાઓ અને સમય સંજોગોને ધ્યાનમાં લઈ કરવામાં આવશે.

## ચિરવિદાય

- સ્વ. અરૂણાબેન જયંતિલાલ પાઠક, ઉ.વ. ૮૩, મુ. પેથાપુર
- સ્વ. ઠાકોર બાલુજી સુરાજી, ઉ.વ. ૭૩, મુ.જેઠીપુરા, ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ પ્રહલાદભાઈ અંબારામ, ઉ.વ. ૬૫, મુ. કલોલ
- સ્વ. વાઘરી હિરૂભાઈ શંભુભાઈ, ઉ.વ. ૪૦, આદિવાડા, સે-૨૮
- સ્વ. પરમાર જીવાભાઈ કુશાભાઈ, ઉ.વ. ૫૩, કોલવડા, ઈન્દિરાનગર

# ગાંધીનગરની નર્સિંગ-ફિઝિયોથેરેપી કોલેજના કોરોના વોરિયર્સ વિદ્યાર્થીઓનું ભવ્ય સન્માન!!

## કોરોના વોરીઅર્સ તરીકે સેવા અર્થે કામગીરી કરનાર તમામ વિદ્યાર્થીઓની માર્કશીટમાં 'કોરોના વોરીઅર્સ'નો ઉલ્લેખ કરવામાં આવશે

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત રાજયમાં કોરોના સંક્રમણના કેસો વધતા જતાં સંક્રમિત દર્દીઓને વધુ સારી સગવડ આપવાનો દ્દઢ નિર્ધાર ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. આ હેતુ અંતર્ગત કોરાના વોરિઅર્સની ટીમો તૈયાર કરવા માટે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગનાં મુખ્ય સચિવ ડો. જયંતિ રવિએ કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન પાસે નર્સિંગ કોલેજ અને ફિઝિયોથેરેપી કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને કોરોના વોરિઅર્સ તરીકે માંગણી કરવામાં આવી હતી.

ઓનલાઈન મુલાકાત બાદ ૫૦ વિદ્યાર્થીઓને 'કોવિડ-૧૯'ના દર્દીઓની સેવા-સુશ્રૃસા હેતુ ખાસ ટ્રેનિંગ આપવામાં આવી હતી. આ પૈકી પ્રથમ તબક્કામાં ૨૩ વિદ્યાર્થીઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સેવા અર્થે મોકલવામાં આવ્યા હતા. આ ૨૩ વિદ્યાર્થીઓ ૧૭ જૂન ૨૦૨૦ ને બુધવારના રોજ પરત આવતાં. કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા તેમની ઉમદા કામગીરીને સત્કારવા તથા તેમને સન્માનિત કરવા સેકટર-૧૫ સ્થિત કડી સર્વ વિશ્વવિદ્યાલય કેમ્પસ ખાતે આ ટીમનું પુષ્પવર્ષાથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલની અમારા પ્રતિનિધિએ મુલાકાત લેતાં તેમણે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા લોકડાઉનની જાહેરાત થતાં જ કડી-ગાંધીનગરના કેમ્પસોની હોસ્ટેલોમાં ૨૦૦૦ બેડની આઈસોલેશન (કવોરન્ટાઈન) માટેની વ્યવસ્થા કરી દેવામાં આવી હતી. આ સાથે જ પેરામેડિકલ સ્ટાફ અને તાલીમ પામેલા કર્મચારીઓને સ્ટેન્ડબાય રાખીને ઈમરજન્સી નંબર જાહેર કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત મંડળ દ્વારા ૧૦૦૦ જેટલા પરિવારોના ચાર સભ્યોને લોકડાઉન ચાલે ત્યાં સુધી ખૂટે નહીં તેટલું અનાજ, કરિયાણું અને તેલ જેવી જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓ ભરેલી કીટ તૈયાર કરી જરૂરિયાતવાળા લોકોને પહોંચાડવામાં આવી છે. વળી, ૫૦૦૦ જેટલા નિરાશ્રિતો માટે ભોજનની વ્યવસ્થા પૂરી પાડવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજે અમદાવાદમાં કોવિડ-૧૯ના મોટી સંખ્યામાં કેસો આવી રહ્યા છે. ત્યારે આરોગ્ય વિભાગના અગ્ર સચિવશ્રી ડો. જયંતિ રવિ એ સંસ્થા દ્વારા સંચાલિત નર્સિંગ, ફિઝિયોથેરેપી અને ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓને કોરોના વોરિઅર્સ તરીકે માગણી કરવામાં આવતાં અમારા ૨૩ વિદ્યાર્થીઓની ટીમે અમદાવાદ સિવિલમાં પોતાની ઉમદા કામગીરી કરીને પરત આવી છે, ત્યારે યુનિવર્સિટી દ્વારા આજે પુષ્પવર્ષા કરી તેમનું સ્વાગત કરતાં અમે ગર્વ અનુભવીએ છીએ. આ પ્રસંગે અમારો સમગ્ર પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, "કર ભલા હોગા ભલા"ના સૂત્રને સાર્થક કરતા અમારા મંડળ દ્વારા આ ખાસ સમારોહનું આયોજન કરીને વિદ્યાર્થીઓને રૂપિયા ૫૦૦૦ના પુરસ્કાર સાથે સન્માનપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવશે. તેમજ તેમની માર્કશીટમાં 'કોરોના વોરિઅર્સ' તરીકે ખાસ ઉલ્લેખ કરવામાં આવશે. કપરાં સમયમાં આ વિદ્યાર્થીઓની સેવાભાવના માટે સર્વ વિદ્યાલય પરિવાર ગર્વની લાગણી અનુભવી રહ્યો છે.

વિદ્યાર્થીઓએ પોતાના અનુભવમાં જણાવ્યું હતું કે, કોરોનાથી ડરવાનું જરૂર નથી, પરંતુ સાવધાની રાખવામાં આવે તો તેને મ્હાત આપી શકાય છે. વધુમાં કોરોના વોરિઅર્સ તરીકેની તક આપવા બદલ સંસ્થાનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો.



